સત્યમેવ જયતે

આંક :–

| | | | | | |
|---|---|---|---|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | | | | ૨૧–૦૮–૨૦૨૪ | |
| કેસ દાખલ તારીખ | | | | ૨૧–૦૮–૨૦૨૪ | |
| કેસ નિર્ણિત તારીખ | | | | ૧૯–૧૦–૨૦૨૪ | |
| અવધિ | | વર્ષ | | માસ | | દિવસ |

## બીજા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ની કોર્ટમાં, વાપી.

**ફોજદારી કેસ નંબર ૧૧૮૧૯/૨૦૨૪**

શ્રી સરકાર ..... ફરિયાદી

વિરુધ્ધ

રોહીત ઉર્ફે અરહાન ઉર્ફે ચેતન શેટ્ટી કનુભાઈ દયાભાઈ સોલંકી
રહે.મુબ્રા શીલફટા ગોસીયા હાઈટ પહેલો માળ રૂમ નંબર ૧૦૪ શીબલીનગર દોસ્તી ટાવર પાસે મુબ્રા જી.થાણા મહારાષ્ટ્ર બિલ્ડીગ નંબર ૧ આરએન ૧૦૪ નિતેષ એપાર્ટમેન્ટ બેડકેનગર અગાસન મહારાષ્ટ્ર ડેરી પાસે દીવા થાણે મહારાષ્ટ્ર ..... આરોપી

**બાબત :– ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪,૩૮૦ મુજબ..**

---

**ફરિયાદ પક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી આર.સી.પટેલ.**
**આરોપી તરફે :– આરોપી તરફે એસ.વી.સિંઘ**

---

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૦/૦૨/૨૦૨૪ ના કલાક ૧૧/૪૦ થી ૧૪/૦૦ દરમીયાન મોજે ફલેટ નંબર એ/૨૦૪ સોફીયા પેલેસ એસ.ટી.ડેપો. સામે કબ્રસ્તાન રોડ વાપી ખાતે ફરીયાદીના ઘરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી બેડરૂમમા મુકેલ તિજોરીમા રાખેલ દાગીના જેમા સોનાની વીંટી નંગ-૩ , સોનાની ચેઇન નંગ-૩ તથા એક ગ્રામ સોનાનો સિક્કો તથા ૧૦ જોડી સોનાની બુટ્ટી તથા બે નંગ સોનના પાટલા આશરે અઢી તોલાના સોનાના દાગીના જેની કિંમત રુપિયા ૨,૦૩,૭૩૫/- તથા રોકડા રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૬,૭૩૫/- મત્તાની ચોરી કરી લઇ નાસી જઈ અને પાછળથી પકડાઈ જઇ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪, ૩૮૦ મુજબ નો ગુનો કરેલ હોય, તે મુજબ ફરીયાદ નોંધવામાં આવતા, ફરીયાદના તપાસના અંતે ઉપરોક્ત મુજબનાં ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) આ કામે સંબંધીત પોલીસ સ્ટેશન દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ રજુ કરેલુ અને સદરહુ ચાર્જશીટને ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ -૨૦૪ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪, ૩૮૦ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે.જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૦ મુજબ આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી અને ત્યારબાદ આરોપીની પ્લી

આંક–૦૫ થી લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | સાહેદનો પ્રકાર | સાહેદોની વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ફરીયાદી | હિતેશભાઈ શાંતીલાલ ટેલર | ૦૬ |
| (૨) | પંચ | કિરણ સુખાનંદપ્રજાપતિ | ૦૮ |
| (૩) | પંચ | આદેશ અજય સમદડીયા | ૧૦ |
| (૪) | સાહેદ | ડિમ્પલ હિતેશ ટેલર | ૧૧ |
| (૫) | તપાસ કરનાર અધીકારી | ભગવતસિંહ ગોવિંદસિંહ રાઠોડ | ૧૩ |

(૪) ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગત | અસલ/ઝેરોક્ષ | આંક |
|---|---|---|---|
| (૧) | ફરીયાદ | ઝેરોક્ષ | ૦૭ |
| (૨) | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ઝેરોક્ષ | ૦૯ |

(૫) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ મૌખિક રીતે જાહેર કરતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરતા ફરીયાદપક્ષના તમામ પુરાવાઓ ખોટો છે અને તેમાં તેઓ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

( ૬ ) આ કામમાં મારા નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

***(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૦/૦૨/૨૦૨૪ ના કલાક ૧૧/૪૦ થી ૧૪/૦૦ દરમીયાન મોજે ફલેટ નંબર એ/૨૦૪ સોફીયા પેલેસ એસ.ટી.ડેપો. સામે કબ્રસ્તાન***

*રોડ વાપી ખાતે ફરીયાદીના ઘરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી બેડરૂમમા મુકેલ તિજોરીમા રાખેલ દાગીના જેમા સોનાની વીંટી નંગ–૩ , સોનાની ચેઇન નંગ–૩ તથા એક ગ્રામ સોનાનો સિક્કો તથા ૧૦ જોડી સોનાની બુટ્ટી તથા બે નંગ સોનના પાટલા આશરે અઢી તોલાના સોનાના દાગીના જેની કિંમત રુપિયા ૨,૦૩,૭૩૫/– તથા રોકડા રૂપિયા ૨૩,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૨૬,૭૩૫/– મત્તાની ચોરી કરી લઇ નાસી જઈ અને પાછળથી પકડાઈ જઇ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૪, ૩૮૦ મુજબ નોશિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?*

*(૨) શું હુકમ ?*

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.'

*(૧) નકારાત્મક*

*(૨) આખરી હુકમ મુજબ*

## <u>// નિર્ણય માટેના કારણો //</u>

(૮) **<u>મુદ્દા નંબર ૧ ની ચર્ચા</u> :–**ઉપરોકત મુદાઓની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, ન્યાયના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મૂલ્યાંકન'' શબ્દ પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ્ધ રીતે કરવામાં આવેલ નથી તેમજ કાનૂન સમર્પિત કોઈ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારીત છે. પુરાવાની મુલવણી પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિત અને ના–સાબિત વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. અને ફરિયાદ

પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસેડી શકાય નહી. ફોજદારી કાયદા મુજબ જે વ્યકિત ફરિયાદ કરે તેણે સાબિત કરવાની હોય છે. સદર ગુન્હા સાબિત કરવા ફરિયાદ પક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને ૧૦૩ મુજબના પુરાવા રજુ કરવાની જવાબદારી રહે છે. તે સંજોગોમાં આરોપીઓએ ફરિયાદમાં જણાવેલી હકીકત મુજબ અને જણાવેલ કાયદા મુજબનો ગુન્હો કરેલ છે તે સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ભારતીય પુરાવા અધિનિયમમાં એવું કોઈપણ જગ્યાએ જણાવેલ નથી કે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા અમુક સંખ્યામાં સાક્ષી રજુ કરવા પડે. વધુમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં માત્ર શ્રેષ્ઠ પુરાવો રજુ કરવો જોઈએ અને તે પુરાવો હંમેશા સુસંગત હકીકત પુરતો હોવો જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમનો એવો પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપીઓ સામેનો કોઈપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઈએ અને તેમાં સહેજ પણ શંકા ઉદભવે તો તેનો લાભ હંમેશા આરોપીઓને મળવાને પાત્ર છે.

(૦૯) ફરીયાદપક્ષે આ કામે **આંક– ૦૬ થી ફરીયાદી હિતેશભાઈ શાંતીલાલ ટેલર** ને તપાસેલ છે તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧૭ વર્ષથી કોમ્પ્યુટર સેલ્સ એન્ડ સર્વીસ બાલાજી કોમ્પ્યુટરના નામથી વાપી મુકામે વેપાર કરે છે. તા. ૧૧ /૦૧/૨૦૨૪ ના રાત્રીના તેઓ પરીવાર જોડે તેમના છોકરા ઈશાનની સ્કુલમાં પ્ર ોગ્રામ અર્થે ગયેલા હતા અને રાત્રે કલાક ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન ત્યાંથી પરત ઘરે આવતા હતા તે દરમ્યાન ઘરે પહોંચી જોયુ તો તેમના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને ઘરના દરવાજાનુ તાળુ તુટેલી હાલતમાં હતુ અને તેઓએ

ઘરની અંદર પ્રવેશી જોયુ તો ઘરનો સરસામાન વેરવીખેર હાલતમાં પડેલો હતો અને તેમના બેડરૂમમાં મુકેલ તીજોરી પણ ખુલ્લી હતી અને તેમના પત્નીએ તીજોરીમાં મુકેલ સોનાના દરદાગીના જોતાં સોનાના દરદાગીના તથા રોકડ રકમ જણાઈ આવેલ નહી. ત્રણ સોનાની ચેઈન, ૧૦ જોડી સોનાની કાનની બુટ્ટી, એક સોનાનો બ્રેસલેટ, ત્રણ સોનાની વીંટી, બે સોનાના પાટલા, રોકડ રકમ રૂા. ૩૦,૦૦૦/- ની મતાની ચોરી થયેલ હોવાનુ જણાઈ આવેલ. જેથી તેમણે પોલીસને ૧૦૦ નંબર ડાયલ કરી ચોરીના બનાવ બાબતની જાણ કરેલ. બનાવ બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં જોઈને કહું છું કે તેમા ફરીયાદી તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવું છું. જે ફરીયાદને રજુ દાખલ **<u>આંક:-૭</u>** આપવામાં આવે છે. ચોરી કોણ કરી ગયેલ તેની તેઓને ફરીયાદ આપ્યા બાદ તેમના ઘરની બહાર લગાડેલ સીસીટીવી ફુટેજના આધારે ખબર પડેલી. જે સીસીટીવી કેમેરા ચેક કરતાં એક ઈસમ માથે લાલ ટોપી પહેરેલ જે તેમની બીલ્ડીંગમાં સાંજે ૬:૦૧ કલાકે પ્રવેશે છે અને સાંજે ૬:૧૫ કલાકે પરત બીલ્ડીંમાંથી બહાર નીકળતો જોવા મળ ` છે અને તેના હાથમાં એક સફેદ કલરની પોટલી લઈને ભાગતો જોવા મળે છે તેવુ માલુમ પડેલ. ત્યારબાદ આરોપીની ધરપકડ થયા બાદ પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવી આરોપીને બતાવેલ. જે આરોપીને જોયેથી તેઓ ઓળખી શકે છે અને જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરો નજરે જોયેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને પોલીસવાળાએ તેમને બતાવેલ જેથી તેઓ ઓળખી શકે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સોગંદ પર ખોટી જુબાની આપેલ છે.

(૧૦) ફરિયાદ પક્ષે **આંક-૮ અને આંક-૧૦ થી અનુક્રમે પંચ-સાહેદ કિરણ સુખાનંદપ્રજાપતિ અને આદેશ અજય સમદડીયા** ને તપાસ્યા છે કે જેઓ આંક-૦૯ થી રજુ ગુનાવાળી જગ્યા અંગેના પંચનામાના પંચ-સાહેદ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ સદરહું પંચ-સાહેદોની હાજરીમાં પોલિસે પંચનામુ કરેલ છે. અત્રે નોંધવુ જરુરી છે કે, તેમ છતાં પંચ સાહેદોએ આવી કોઇ પણ હકિકતને પોતાની જુબાનીમા સમર્થન આપેલ નથી. આથી ફરીયાદપક્ષે દ્વારા બન્ને સાહેદોને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી અત્રેની કોર્ટ પાસેથી મેળવી તેમને ઉલટ-તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે. તેમ છતા તેઓએ ફરીયાદપક્ષના કેસને મદદ થાય તેવી કોઇ પણ હકિકત જણાવેલ નથી. બચાવપક્ષ તરફે ઉલટ-તપાસમાં તેઓ તે વાત ને સ્વીકાર કરેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામા ઉપર સહી કરાવેલી તે સીવાય બીજું કંઈ જાણતો નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે **આંક- ૧૧ થી સાહેદ ડિમ્પલ હિતેશ ટેલર** ને તપાસેલ છે તેઓએ જણાવેલ છે કે, તેમના પતિ છેલ્લા ૧૭ વર્ષથી કોમ્પ્યુટર સ ેલ્સ એન્ડ સર્વીસ બાલાજી કોમ્પ્યુટરના નામથી વાપી મુકામે વેપાર કરે છે. તા. ૧૧/૦૧/૨૦૨૪ ના રાત્રીના તેઓ પરીવાર જોડે તેમના છોકરા ઈશાનની સ્કુલમાં પ્રોગ્રામ અર્થે ગયેલા હતા અને રાત્રે કલાક ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન ત્યાંથી પરત ઘરે આવતા હતા તે દરમ્યાન ઘરે પહોંચી જોયુ તો તેમના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને ઘરના દરવાજાનુ તાળુ તુટેલી હાલતમાં હતુ અને તેઓએ ઘરની અંદર પ્રવેશી જોયુ તો ઘરનો સરસામાન વેરવીખેર હાલતમાં પડેલો હતો અને તેમના બેડરૂમમાં મુકેલ તીજોરી પણ ખુલ્લી હતી અને તેમણે તીજોરીમાં મુકેલ સોનાના દરદાગીના જોતાં સોનાના દરદાગીના તથા રોકડ રકમ જણાઈ આવેલ નહી. ત્રણ તોલા સોનાની ચેઈન નંગ ૩, એક સોનાનુ પેન્ડલ, ૧૦ જોડી સોનાની

કાનની બુટ્ટી, એક તોલાનુ સોનાનો બ્રેસલેટ, ત્રણ સોનાની વીંટી, અઢી તોલાના બે સોનાના પાટલા, એક સોનાનો સીકકો, રોકડ રકમ રૂા. ૩૦,૦૦૦/- ની મતાની ચોરી થયેલ હોવાનુ જણાઈ આવેલ. જેથી અમોએ પોલીસને ૧૦૦ નંબર ડાયલ કરી ચોરીના બનાવ બાબતની જાણ કરેલ. બનાવ બાબતે તેમના પતિએ પોલીસમાં ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમનુ નીવેદન લીધેલુ. ચોરી કોણ કરી ગયેલ તેની તેમેને ફરીયાદ આપ્યા બાદ તેમના ઘરની બહાર લગાડેલ સીસીટીવી ફુટેજના આધારે ખબર પડેલી. જે સીસીટીવી કેમેરા ચેક કરતાં એક ઈસમ માથે લાલ ટોપી પહેરેલ જે તેમની બીલ્ડીંગમાં સાંજે ૬:૦૧ કલાકે પ્રવેશે છે અને સાંજે ૬:૧૫ કલાકે પરત બીલ્ડીંમાંથી બહાર નીકળતો જોવા મળે છે અને તેના હાથમાં એક સફેદ કલરની પોટલી લઈને ભાગતો જોવા મળે છે તેવુ માલુમ પડેલ. ત્યારબાદ આરોપીની ધરપકડ થયા બાદ પોલીસે તેમને પો.સ્ટે. બોલાવી આરોપીને બતાવેલ. જે આરોપીને જોયેથી હુ ઓળખી શકુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરો નજરે જોયેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને પોલીસવાાળાએ તેમને બતાવેલ જેથી તેઓ ઓળખી શકે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સોગંદ પર ખોટી જુબાની આપેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે આ કામે **આંક- ૧૩ થી તપાસ કરનાર અધિકારી ભગવતસિંહ ગોવિંદસિંહ રાઠોડ** ને તપાસેલ છે તેઓએ જણાવેલ છે કે, તેઓ વાપી ટાઉન પો.સ્ટે. ખાતે પો.સ.ઈ તરીકેની ફરજ બજાવે છે. તા. ૧૨/૧/૨૪ ના રોજ વાપી

ટાઉન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૦૦૪૮૨૪૦૧૦૩/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ– ૪૫૪,૩૮૦ મુજબ ગુનો દાખલ થતાં પી.એસ.ઓ.શ્રી દવારા પીએસઆઈશ્રી જે.એસ. રબારી નાઓને આગળની તપાસ સોંપલ. ત્યારબાદ તેઓએ પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તેમજ ફરીયાદીના પત્ની તથા સાહેદોના નીવેદનો લઈ આગળની તપાસ અમોને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ તા. ૩/૭/૨૪ ના રોજ સીઆરપીસીની કલમ– ૪૧(૧)ડી મુજબ આરોપી રાહીત ઉર્ફે અરહાન શેટ્ટી કનુભાઈ સોલંકી રહે– મહારાષ્ટ્ર નાઓના કબ્જામાંથી સોના ચાંદીના દાગીના મળી આવેલ જે બાબતે રીકવરી પંચનામુ પીએસઆઈ શ્રી જે.એમ. સોલંકી રૂબરૂ કરવામાં આવતાં સોના ચાંદીના દાગીનાની ખરાઈ કરવા બાબતે મરૂધર જવેલર્સ , વાપી ખાતે ખરાઈ કરાવી તપાસના કામે જવેલર્સના બીલ ચાર્જસીટ સાથે સામેલ રાખેલ. અમોએ આરોપીને ટ્રાન્સફર વોરંટ મેળવી અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા માટે તજવીજ કરેલ. ત્યારબાદ તેમણે તપાસના કામે ફરીયાદીના ચોરીમાં ગયેલ સોનાચાંદીના દાગીના આરોપીએ પાતાના કબ્જામાં રાખી સોની પ્રેમાલાલ માંગીલાલ નાઓને વેચાણ કરેલ હોઈ જેથી અમોએ ફરીયાદીના સોનાચાંદીના દાગીના બદલામાં મળેલ રકમ રૂા. ર લાખ પંચો રૂબરૂ પંચનામુ કરી કબ્જે કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા ત્યારબાદ તપાસના કામે પૃથકકરણ અહેવાલ સામેલ રાખેલ તેમજ તપાસના કામે અમોએ ફરીયાદીના રહેઠાણના સ્થળે લાગેલ સીસીટીવી કુટેજ મેળવી એફએસએલ સુરત ખાતે પૃથકકરણ અર્થે મોકલાવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ પડતા હોય નામ. અદાલતમા મુદત અંદર ઈ.પી.કો.કલમ–૪૫૪,૩૮૦ મુજબનુ ચાર્જશીટ કરેલ. આરોપીને જોય તેઓ ઓળખી શકે તે આજરોજ નામ. કોર્ટમા હાજર નથી.

બચાવપક્ષ તરફે ઉલટતપાસમા તેમણે જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ બનાવ વાળી જગ્યાએ બે વાર જવાનુ થયેલ. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યા રેસીડેન્શીયલ કોમ્પલેકસમાં આવેલ છે. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાએ માણસોની અવરજવર રહે છે. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાએથી પંચો તથા સાહેદો સહેલાઈથી મળી જાય તેવી જગ્યા છે. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામે બનાવ નજરે જોનાર કોઈ સાહેદ મળી આવેલ નહી હોઈ તેઓના નિવેદન લીધેલ નથી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ે કહેવાતા મુદ્દામાલ બાબતે કહેવાતા આરોપીને કોઈ જાત માહીતી ન હતી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામુ પોલીસ સ્ટે.માં જાતે તૈયાર કરવામાં આવેલ છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, કહેવાતા ગુનામાં હાલના આરોપીઓની સંડોવણી નથી અને હાલનો ગુનો આરોપીએ કરેલ નથી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હાલના આરોપીઓને ખોટી રીતે અટક કરી તેઓની સામે ખોટી ચાર્જસીટ દાખલ કરેલ છે.

(૧૪) ક્રીમીનલ જયુરીસપ્રુડન્સ પ્રમાણે આરોપીઓ વિરુધ્ધ પુરતા અને વિશ્વસનીય પુરાવા રેકર્ડ પર આવવા જોઇએ અને તેના આધારે આરોપીઓની ગુન્હામા સંડોવણી પુરવાર થવી જોઈએ. આ કામે આવા કોઈ સંજોગો કે પુરાવા ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતનો મોસમ સિંઘારોય વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગોલ ૨૦૦૩ (૦) જીએલએચ એસસી ૧૮૨૨૪ નો ચુકાદો ધ્યાને લઈએ તો નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે પુરાવાની સાબીતીનો બોજો ફરીયાદપક્ષ પર

છે અને તે કોઈ પણ સંજોગોમા તબદીલ થતો નથી અને ફરીયાદપક્ષ ના માથે જ રહે છે. આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે કાલીરામ વિરુધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેસ (૧૯૭૩)૨ એસસીસી ૮૦૮ ના ચુકાદામા એવુ અવલોકન કરેલ છે કે, " The golden thread which runs through the web of administration of justice in criminal case is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted." ઉપર મુજબના કાયદાના મુળભુત સિધ્ધાંતને ધ્યાને લેતા ફરીયાદપક્ષના પુરાવાને મુલવવામા આવે તો આરોપી નંબર ૨ વિરુધ્ધ કોઈ પણ પુરાવો હાલના કામે મળી આવતો નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવામા તદ્દન નિષ્ફળ નિવડેલ હોય નિચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના આરોપી રોહીત ઉર્ફે અરહાન ઉર્ફે ચેતન શેટ્ટી કનુભાઈ દયાભાઈ સોલંકી રહે.મુબ્રા શીલફટા ગોસીયા હાઈટ પહેલો માળ રૂમ નંબર ૧૦૪ શીબલીનગર દોસ્તી ટાવર પાસે મુબ્રા જી.થાણા મહારાષ્ટ્ર બિલ્ડીગ નંબર ૧ આરએન ૧૦૪ નિતેષ એપાર્ટમેન્ટ બેડકેનગર અગાસન મહારાષ્ટ્ર ડેરી પાસે દીવા થાણે મહારાષ્ટ્ર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૪૧૧ મુજબ ના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે વચગાળાનાં તબકકે જો કોઈ હુકમ કરેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ કરવામાં આવે છે અને મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ જરૂરી ઈન્કયારી કરી મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ સીઆરપીસી ની કલમ–૩૩૭(એ) મુજબ રૂપિયા ૧૫,૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ ૧૯મી, માહે ઓકટોબર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૯/૧૦/૨૦૨૪ .
સ્થળ : વાપી

(કુ.એમ.જે.કીકાણી)
બીજા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફસ્ટ કલાસ, વાપી
U.I.Code No.GJ- 01549